| PUBLICATION | VYAPAR | DATE | 10-08-2011 |
|---|---|---|---|
| EDITION | SURAT | PAGE | 10th |

### યાકુબઅલી વેન્ચર્સે નેશનલ સ્પોટ એક્સચેન્જની મેમ્બરશિપ મેળવી

# દક્ષિણ ગુજરાતના રોકાણકારોને એક ગ્રામ સોનું ખરીદવું સરળ બન્યું....

## સોનાએ દસ વર્ષમાં ૧૮.૭૫ ટકાનું સર્વોચ્ચ વળતર આપ્યું

ખ્યાતિ જોષી

સુરત, તા. ૯ ઑગ. દક્ષિણ ગુજરાતનાં લોકો એક ગ્રામ સોનું સરળતાથી સ્પોટના ભાવે ખરીદી શકશે. સ્ટોક બ્રોકીંગ ક્ષેત્રે ૧૯ વર્ષથી કાર્યરત સુરત સ્થિત સાઉથ ગુજરાત શેર્સ એન્ડ શેરબ્રોકર્સ લિ.ની એસોસીએટ કંપની યાકુબઅલી વેન્ચર્સે નેશનલ સ્પોટ એક્સચેન્જની મેમ્બરશીપ મેળવી છે. મેમ્બરશીપ મેળવતાં યાકુબઅલી વેન્ચર્સ નેશનલ સ્પોટ એક્સચેન્જની ઇ-સીરીઝની એક ગ્રામ ગોલ્ડ, સિલ્વર, ઝિંક જેવી પ્રોડક્ટ ખરીદવા માટે ગ્રાહકને સરળતા રહેશે.

ઇ-સીરીઝની એક ગ્રામની સોનાની ખરીદીમાં રહેલાં ફાયદા વિશે કંપનીનાં મેનેજીંગ ડીરેક્ટર(એમડી) અયુબ યાકુબઅલીએ કહ્યું હતું કે, બે વર્ષ પહેલાં બજારમાં આવેલી વૈશ્વિક મંદી પછી અને હવે અમેરીકાનાં અર્થતંત્રમાં આવેલી કટોકટીનાં કારણે નાના રોકાણકારોનો શેરબજારનાં રોજેરોજનાં કામકાજમાં તથા ટૂંકાગાળાના રોકાણમાં વિશ્વાસ ઓછો થયો છે. તેમજ મોટી સ્ક્રીપ્ટમાં પણ નોંધપાત્ર વળતર બે વર્ષમાં મળ્યું ન હોવાથી લોકો ફરી સોનું અને ચાંદી તરફ વળ્યાં છે.

સોનાંમા રોકાણનાં ફાયદા વિશે યાકુબઅલીએ કહ્યું હતું કે, છેલ્લાં દસ વર્ષમાં જે લોકોએ નિફ્ટીમાં રોકાણ કર્યુ છે તેઓને ૧૭.૬૩ ટકા વળતર મળ્યું છે. જ્યારે પીપીએફ અને સેવિંગ્સ અન્ય



કોઇ રીતે કર્યું છે તેઓને અનુક્રમે ૮ ટકા અને ૩.૫ ટકા વળતર વધુ મળ્યું છે. જ્યારે ફીક્સ્ડ ડીપોઝીટમાં ૯.૯૯ ટકા વળતર મળ્યું છે. પરંતુ, સોનામાં સૌથી વધુ ૧૮.૭૫ ટકા વળતર લોકોને મળ્યું છે.

શેરબજારમાં જે રીતે રોકાણકારો શેરમાં ડિલિવરી લઇને રોકાણ કરી શકે તે જ પ્રમાણે એનએસઇએલ મારફત કોમોડીટીમાં રોકાણ કરી શકાય. એક ગ્રામ સોનું બેન્ક કે જ્વેલર્સ પાસેથી પણ લઇ શકાય છે. પરંતુ, રાષ્ટ્રીયકૃત બેન્કો સોનાની એક ગ્રામની ખરીદી પર વધારે ભાવ લગાડે છે જ્વેલર્સ પણ પોતાનો ચાર્જ લગાવતાં હોવાથી એનએસઇએલની સરખામણીએ ૧ ગ્રામ સોનું ઓછામાં ઓછું રૂા. ૧૫૦ થી ૧૭૫ મોંઘુ પડે છે. બીજી તરફ એનએસઇએલ તનિષ્ક અને ગીતાંજલી જેમ્સ જેવી સ્ટાન્ડર્ડ કંપનીઓ સાથે જોડાણ કર્યું હોવાથી તે રોકાણકારને સોનાના રોકાણ પર જ્વલરી તૈયારી જોતી હોય તો તે પણ કંપની પૂરી પાડે છે.

રોકાણકારોએ ઇ-સીરીઝના દરેક યુનિટ માટે કસ્ટોડીયલ ચાર્જીસ ચુકવવાના હોય છે. તેમાં વોલ્ટ ચાર્જીસ(વોલ્ટ ચાર્જીસ, વિમાના ચાર્જીસ વગેરે સહિત)નો સમાવેશ થાય છે. વોલ્ટ ચાર્જીસ દર મહિને ૬૦ પૈસા છે. દર મહિનાના અંતિમ શનિવારે રોકાણકારાના એકાઉન્ટમાં જેટલાં યુનિટ હશે તેના પર ચાર્જીસ લાગુ પડશે. એક મહિના દરમ્યાન રોકાણકારો યુનિટના ખરીદ-

(અનુસંધાન પાનું ૨)

વેચાણ બાદ કોઇ યુનિટ નહિ હોય તો આ ચાર્જીસ ભરવાના રહે નહિ.

### એક વર્ષમાં ઇ-ગોલ્ડમાં ૩૫ ટકા બિઝનેસ હાથવેંત કરવાનો લક્ષ્યાંક

રોકાણકારો સોના તરફ પાછાં વળ્યાં છે અને તેમજ લોકોનો સોનાની ખરીદી પ્રત્યેનો મોહ અકબંધ હોવાથી મહિને એકગ્રામ સોનાની ખરીદીનો કન્સેપ્ટ સફળ થશે તેમ કંપનીના એમડી યાકુબઅલીએ કહ્યું હતું. દક્ષિણ ગુજરાતનાં કંપનીનાં હજારો રોકાણકારોમાંથી એક વર્ષમાં ૩૫ ટકા બિઝનેસ હાંસલ કરવાનો કંપનીનો લક્ષ્યાંક છે.